NJESR/September-2025/Volume-7/Issue-9 E-ISSN-2582-5836
DOI-10.53571/NJESR.2025.7.9.1-7

# દમણના માછી સમાજમાં સ્થળાંતર : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તન અને આર્થિક પ્રભાવ

નિમિષા દેવજી ટંડેલ
પીએચ.ડી .વિદ્યાર્થી
(એમ.એ ,.બી.એડ) સમાજશાસ્ત્ર

(Received -15 August 2025/Revised 25 August 2025/ Accepted- 10 September 2025/ Published -30 September 2025)

**સારાંશ (Abstract)**

દમણના માછી (માછીમાર) સમાજમાં છેલ્લા બે દાયકામાં યુરોપ, ખાસ કરીને યુકે તરફ થયેલું સ્થળાંતર માત્ર આર્થિક પ્રક્રિયા નથી, પરંતુ તે એક ઊંડો સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિવર્તનનો દસ્તાવેજ છે. પોર્ટુગીઝ શાસનના ઐતિહાસિક વારસાના કારણે ઉપલબ્ધ પોર્ટુગીઝ નાગરિકતા, માછીમારી ઉદ્યોગમાં ઘટાડો, રોજગારની અછત અને વૈશ્વિક અર્થતંત્રના આકર્ષણને કારણે ટંડેલ સમાજમાં વ્યાપક સ્થળાંતર જોવા મળે છે. આ લેખમાં નાની દમણના ટંડેલ સમાજના ક્ષેત્ર અભ્યાસના આધારે સ્થળાંતરના કારણો, તેનો સામાજિક–સાંસ્કૃતિક જીવન પર પડતો પ્રભાવ, નાણાં પ્રેષણની ભૂમિકા અને સમાજના ભવિષ્યના પડકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**મુખ્ય શબ્દો:** માછી સમાજ, દમણ, સ્થળાંતર, પોર્ટુગીઝ નાગરિકતા, નાણાં પ્રેષણ, સામાજિક પરિવર્તન

---

## પરિચય (Introduction) :

દમણ ભારતના પશ્ચિમ કિનારે આવેલું એક ઐતિહાસિક દરિયાઈ પ્રદેશ છે, જે ૧૫૫૯ થી ૧૯૬૧ સુધી પોર્ટુગીઝ શાસન હેઠળ રહ્યો. આ લાંબા ઉપનિવેશી સમયગાળાની અસર આજે પણ અહીંના સમાજ, સંસ્કૃતિ અને વૈશ્વિક જોડાણોમાં સ્પષ્ટ દેખાય છે. દમણનો ટંડેલ સમાજ પરંપરાગત રીતે માછીમારી સાથે જોડાયેલો રહ્યો છે અને તેની વસાહતો દરિયાકાંઠે વિકસેલી છે.

૧૯૬૧ પછી દમણ ભારતનો ભાગ બન્યો, છતાં પોર્ટુગીઝ નાગરિકતા સંબંધિત કાયદાકીય વ્યવસ્થાઓના કારણે અહીંના ઘણા પરિવારોને યુરોપીયન યુનિયન સુધી પહોંચવાનો માર્ગ મળ્યો. આ ઐતિહાસિક પરિબળે ટંડેલ સમાજના સ્થળાંતરનો દિશા-નિર્દેશ કર્યો છે.

**પોર્ટુગીઝ ઉપનિવેશવાદ અને સ્થળાંતરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ**

પોર્ટુગીઝોએ ભારતના પશ્ચિમ કિનારે વેપાર અને રાજકીય નિયંત્રણ સ્થાપવા માટે દમણ, દીવ અને ગોવા જેવા પ્રદેશો પર કબજો કર્યો. ૧૯૬૧ સુધી ચાલેલા આ શાસન દરમિયાન એક વિશિષ્ટ પોર્ટુગીઝ–ભારતીય ઓળખ વિકસી. પોર્ટુગીઝ નાગરિકતા કાયદા મુજબ ૧૯૬૧ પહેલાં જન્મેલા લોકો અને તેમની ત્રણ પેઢીઓ સુધીના વંશજો નાગરિકતા માટે પાત્ર છે.

યુરોપિયન યુનિયનના શેન્ગેન કરારને કારણે પોર્ટુગીઝ પાસપોર્ટ ધરાવતા લોકો યુકે સહિત અનેક યુરોપીયન દેશોમાં વસવાટ કરી શકે છે. આ ઐતિહાસિક તકનો ટંડેલ  સમાજે વ્યાપક ઉપયોગ કર્યો.

**<u>સમસ્યાનું નિવેદન</u>:**

પ્રસ્તુત અભ્યાસને પસંદ કરવાનું મુખ્ય કારણ દમણ ક્ષેત્રમાં રહેતા માછીમાર સમાજનું થઈ રહેલ વિદેશ સ્થળાંતરને કારણે સમાજ પર પડેલી આર્થિક અને સમાજિક અસરને તપાસવાનું છે જેમાં માછી સમાજના લોકોની સંખ્યામાં ઝડપથી થઈ રહેલા ઘટાડાને કારણે પ્રસ્તુત અભ્યાસનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની જરૂરીયાત વર્તાઇ છે અને વિદેશમાં સ્થળાંતર કરનારા અને પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કમાં આવેલા લોકોના જીવન ધોરણને તપાસવાનું હતું.

**<u>સંશોધન વિસ્તાર અને પદ્ધતિ (Research Methodology)</u>**

આ અભ્યાસ નાની દમણના શ્રી સત્યનારાયણ મંદિર આસપાસ વસતા ટંડેલ  સમાજ પર આધારિત છે. સંશોધનમાં વર્ણનાત્મક પદ્ધતિ (Descriptive Method) અપનાવવામાં આવી છે, જેમાં ગુણાત્મક અને પરિમાણાત્મક બંને માહિતીનો ઉપયોગ થયો છે.

- નમૂનાનું કદ : ૮૦ પ્રતિભાવકો
- માહિતી સંગ્રહ : પ્રશ્નાવલી, વ્યક્તિગત મુલાકાત અને અવલોકન
- નમૂના પસંદગી : યાદૃચ્છિક નમૂનાની પસંદગી

આ અભ્યાસ સમાજના નેતાઓ, શિક્ષણ સંસ્થાઓ અને સામાન્ય પરિવારો સાથે સીધી ચર્ચા દ્વારા કરવામાં આવ્યો.

**અભ્યાસના હેતુઓ (Objectives of the Study)**

૧. દમણના માછી સમાજમાં સ્થળાંતરની **ઐતિહાસિક પૃષ્ઠભૂમિ**નો અભ્યાસ કરવો.

૨. માછી સમાજમાં સ્થળાંતરના **મુખ્ય કારણો** (આર્થિક, સામાજિક, પર્યાવરણીય) જાણી લેવાં.

૩. સ્થળાંતરથી માછી સમાજના **કુટુંબ બંધારણ** પર થયેલા ફેરફારોનું વિશ્લેષણ કરવું.

૪. સ્થળાંતરના કારણે સમાજમાં થયેલા **સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનો** (રિવાજો, ભાષા, જીવનશૈલી)નું મૂલ્યાંકન કરવું.
૫. સ્થળાંતરના કારણે માછી સમાજની **આર્થિક સ્થિતિ**માં આવેલા પરિવર્તનોનો અભ્યાસ કરવો.
૬. સ્થળાંતરથી શિક્ષણ, આરોગ્ય અને રોજગાર પર પડતા **પ્રભાવોની તપાસ** કરવી.
૭. સ્થળાંતર અને **રેમિટન્સ (નાણાં પ્રેષણ)** વચ્ચેના સંબંધને સમજવો.

૮. સ્થળાંતરથી સ્થાનિક માછીમારી વ્યવસાય પર પડેલા પ્રભાવોને ઓળખવા.

**અભ્યાસની ધારણાઓ (Hypotheses of the Study)**

૧. દમણના માછી સમાજમાં સ્થળાંતરનું મુખ્ય કારણ **આર્થિક અસુરક્ષા** છે.
૨. સ્થળાંતરથી માછી સમાજની **આવકમાં વધારો** થયો છે.
૩. સ્થળાંતરથી માછી સમાજમાં **પરંપરાગત સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તન** આવ્યું છે.
૪. સ્થળાંતર કરનાર કુટુંબોમાં શિક્ષણ અને જીવનશૈલીનું સ્તર **ઉચ્ચ** છે.
૫. સ્થળાંતરથી માછી સમાજમાં **પરંપરાગત માછીમારી વ્યવસાયમાં ઘટાડો** થયો છે.
૬. સ્થળાંતર કરનાર પરિવારોમાં **રેમિટન્સ** સામાજિક–આર્થિક સુધારાનો મહત્વનો સ્ત્રોત છે.
૭. સ્થળાંતરથી માછી સમાજમાં **ચક્રાકાર સ્થળાંતર**નું પ્રમાણ વધ્યું છે.

**વિષયનું મહત્વ (Significance of the Study)**

દમણ પ્રદેશમાં વસતો માછી સમાજ પરંપરાગત રીતે માછીમારી સાથે સંકળાયેલો રહ્યો છે. ઐતિહાસિક, આર્થિક તથા પર્યાવરણીય પરિબળોના કારણે આ સમાજમાં સમય જતાં સ્થળાંતરની પ્રક્રિયા શરૂ થઈ છે. આધુનિકીકરણ, ઔદ્યોગિક વિકાસ, રોજગારની નવી તકો તથા પરંપરાગત માછીમારીમાં થતા પરિવર્તનોના પરિણામે માછી સમાજમાં આંતરિક તથા બાહ્ય સ્થળાંતર નોંધાય છે.

આ અભ્યાસનું મહત્વ એ છે કે તે સ્થળાંતરથી માછી સમાજના સામાજિક બંધારણ, સાંસ્કૃતિક મૂલ્યો, જીવનશૈલી અને આર્થિક સ્થિતિ પર પડેલા પ્રભાવોને સમજવામાં મદદ કરે છે. આ ઉપરાંત, આ અભ્યાસ નીતિ નિર્માણ, સમાજ કલ્યાણ યોજનાઓ તથા આદિવાસી/પરંપરાગત સમુદાયોના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બની શકે છે.

**અભ્યાસના ચલો (Variables of the Study)**

**આ અભ્યાસમાં નીચે મુજબના મુખ્ય અને સહાયક ચલોનો સમાવેશ કરવામાં આવ્યો છે:**

**(ક) સ્વતંત્ર ચલો (Independent Variables)**

- સ્થળાંતરનો પ્રકાર (ચક્રાકાર, કાયમી, આંતરિક, બાહ્ય)

- સ્થળાંતરનું કારણ (આર્થિક, પર્યાવરણીય, સામાજિક)
- રોજગારની ઉપલબ્ધતા
- શૈક્ષણિક સ્તર

**(ખ) પરતંત્ર ચલો (Dependent Variables)**

- કુટુંબની આવક
- જીવનશૈલીમાં ફેરફાર
- સામાજિક દરજ્જો
- સાંસ્કૃતિક પ્રથાઓમાં પરિવર્તન
- પરંપરાગત માછીમારી વ્યવસાય પર અસર

**(ગ) મધ્યસ્થ ચલો (Intervening Variables)**

- રેમિટન્સ (નાણાં પ્રેષણ)
- શહેરી સંપર્ક
- આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ
- સરકારી યોજનાઓ

**અભ્યાસની મર્યાદાઓ (Limitations of the Study)**

૧. આ અભ્યાસ માત્ર **દમણના માછી સમાજ** સુધી મર્યાદિત હોવાથી તેના પરિણામો સમગ્ર માછી સમાજ માટે સામાન્યકરણ કરી શકાય નહીં.

૨. માહિતીનો મોટાભાગનો આધાર **પ્રાથમિક માહિતી** (ઇન્ટરવ્યુ, પ્રશ્નાવલી) પર હોવાથી પ્રતિસાદદાતાઓના અંગત અભિપ્રાયનો પ્રભાવ પડી શકે છે.

૩. સ્થળાંતર અંગેના ઐતિહાસિક તથ્યો મૌખિક પરંપરાઓ પર આધારિત હોવાથી તેમાં સંપૂર્ણ ચોકસાઈ ન હોઈ શકે.

૪. સમય અને સ્રોતોની મર્યાદાને કારણે લાંબા ગાળાના સ્થળાંતરના પ્રભાવોને સંપૂર્ણ રીતે આવરી લેવાં શક્ય નથી.

૫. કેટલાક સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનો માપવા માટે પ્રમાણાત્મક માપદંડો ઉપલબ્ધ ન હોવા કારણે ગુણાત્મક વિશ્લેષણ પર વધુ આધાર રાખવો પડ્યો છે.

**સૂચનો અને ભવિષ્યમા વધુ અભ્યાસ માટેની સંભાવનાઓ**

**સ્થળાંતરના કારણો**

અભ્યાસ મુજબ ટંડેલ  સમાજમાં સ્થળાંતરના મુખ્ય કારણો નીચે મુજબ છે:

**૧. માછીમારી ઉદ્યોગમાં ઘટાડો** – મોટા ટ્રોલર બોટ્સ અને ઔદ્યોગિક માછીમારીના કારણે પરંપરાગત માછીમારોની આવક ઘટી.

**૨. રોજગારની અછત** – દમણમાં વૈકલ્પિક રોજગારીના અવસરો સીમિત રહ્યા.

**૩. ઓછું ઉચ્ચ શિક્ષણ અને કુશળતા** – યુવાનો મોટા ભાગે અર્ધકુશળ અથવા અકુશળ શ્રમિક તરીકે રહ્યા.

**૧. પોર્ટુગીઝ નાગરિકતા** – યુકેમાં કામ અને આવકની શક્યતા.

**૨. શૃંખલા સ્થળાંતર** – પહેલાથી સ્થાયી થયેલા સંબંધીઓ દ્વારા નવા સ્થળાંતરકારોને સહાય.

**સ્થળાંતરનું સ્વરૂપ**

અભ્યાસ દર્શાવે છે કે માછી સમાજમાં સ્થળાંતર મુખ્યત્વે ચક્રાકાર સ્થળાંતર છે, જ્યારે કેટલીક ઘટનાઓમાં શૃંખલા માઈગ્રેશન પણ જોવા મળે છે. કુલ પ્રતિભાવકોમાંથી 96% પરિવારોએ સ્વીકાર્યું કે

તેમના પરિવારના એક કે વધુ સભ્યો વિદેશમાં વસે છે. મોટાભાગનું સ્થળાંતર છેલ્લા દસ વર્ષમાં થયું છે.

**સામાજિક અને સાંસ્કૃતિક જોડાણ**

વિદેશમાં વસ્યા છતાં માછી સમાજ પોતાની સંસ્કૃતિ સાથે મજબૂત રીતે જોડાયેલો છે. શ્રી સત્યનારાયણ મંદિર માત્ર ધાર્મિક નહીં પરંતુ સામાજિક એકતાનું કેન્દ્ર છે. વિદેશસ્થ માછી સમાજના યુવાનો વડીલો અને મહિલાઓમાં ધાર્મિક કર્યો પ્રત્યે જરા પણ કમી જોવા મળતો નથી તેઓ સમાજને લગતા કોઈપણ કર્યા માટે સદાય તત્પર રહે છે અને ટન, મન અને ધનથી નિ:સ્વાર્થ પોતાની જવાબદારીપૂર્વક કર્યો કરે છે સાથે તેઓ મંદિરના વિકાસનું કરી હોય કે સમાજનો વિકાસ થાય એવા કોઈપણ હેતુઓને ધ્યાનમાં રાખી વિવિધ તહેવારો અને કાર્યક્રમો માટેપોતાનું મહત્વનુ યોગદાન આપે છે તેઓ પોતાના કાર્ય સ્થળમાં મંદિરમાં દાન સહિત એક માછી સમાજની નવી વ્યવસ્થા ઊભી કરી છે કે જ્યાં તેઓ સૌભેગા મળી વિવિધ તહેવારો જેવા કે નવરાત્રી, ગણેશ ચતુર્થી, ભાગવત સપ્તાહ જેવા તહેવારોની ઉજવણી કરે છે.

સ્થાનિક માછીમારો પોતાની ભાષાને પ્રાધાન્ય આપતા જોવા મળ્યા છે જે તેઓની ભાષાકીય રીતે નિષ્ઠા અને મહતા દર્શાવતા જોવા માયા છે માટેજ તેઓ ગુજરાતી ભાષાને વધુ પ્રધાન આપે છે, પરંતુ તેમાં અંગ્રેજી શબ્દોની મિશ્રણ પ્રક્રિયા (Linguistic Hybridization) જોવા મળે છે, જે વૈશ્વિક સ્થળાંતરની અસર દર્શાવે છે.

**શિક્ષણ અને સામાજિક ગતિશીલતા**

શ્રી માછી મહાજન એજ્યુકેશન સોસાયટી સંચાલિત ગુજરાતી-અંગેજી માધ્યમોની શાળા દ્વારા આજે મોટાભાગના માછીમારો શિક્ષિત થયા છે પરંતુ સદનસીબે વર્તમાન સમયે સંસ્થા કેટલાય વર્ષોથી ચાલતી બી.એડ. કૉલેજ સ્થાનિક તાલીમાર્થી ભાઈ-બહેનોને થી વંચિત રાખ્યા છે જેની ચોક્કસ નકારાત્મક અસર માછી સમાજના વિદ્યાર્થીઓને થઈ રહી છે જેમાં શંકાને સ્થાન નથી જેની સીધી અસર સાક્ષરતા દર પર

પડશે પરિણામે સમાજમાં સાક્ષરતા અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો છે પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં પસંદગી પામેલ ઉત્તરડતોમાં 97% થી વધુ પ્રતિભાવકો સાક્ષર છે, પરંતુ ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ભાગીદારી હજી પણ મર્યાદિત છે.

**આર્થિક પ્રભાવ અને નાણાં પ્રેષણ**

સ્થળાંતરથી માછી સમાજની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. નવા મકાનો, જીવનશૈલીમાં ફેરફાર અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થયો છે. જોકે, નાણાં પ્રેષણનો મોટો હિસ્સો ધાર્મિક પ્રવૃત્તિઓ અને ઉત્સવોમાં વપરાય છે, જ્યારે લાંબા ગાળાના સામાજિક વિકાસ (શિક્ષણ, આરોગ્ય, કુશળતા વિકાસ) માટે તેનો ઉપયોગ ઓછો છે.

**પડકારો અને વિસંગતતાઓ**

સ્થળાંતરના સકારાત્મક પરિણામો સાથે કેટલાક નકારાત્મક પાસાઓ પણ સામે આવ્યા છે:

- ખાલી પડેલા ઘરો અને વૃદ્ધોનું એકલાપણું
- સામાજિક એકતામાં ઘટાડો
- પરંપરાગત વ્યવસાયનું લોપ
- સામાજિક વિકાસ કરતાં ધાર્મિક ખર્ચને વધુ પ્રાધાન્ય

**ભવિષ્યના સંશોધન માટે સૂચનો**

૧. યુકેમાં માછી વિદેશસ્થ સમુદાયની સાંસ્કૃતિક ઓળખ પર ઊંડું અભ્યાસ
૨. ગોવા અને દમણના ઉપનિવેશી વારસાની તુલનાત્મક સમીક્ષા
૩. સ્થળાંતર અને વૃદ્ધજનની સામાજિક સ્થિતિ પર વિશ્લેષણ
૪. નાણાં પ્રેષણના વિકાસલક્ષી ઉપયોગ માટે નીતિ અધ્યયન

**ઉપસંહાર** :

માછી સમાજનું સ્થળાંતર એક ઐતિહાસિક, આર્થિક અને સામાજિક પ્રક્રિયાનું પરિણામ છે. આ સ્થળાંતરે સમાજની આર્થિક સ્થિતિ સુધારી છે, પરંતુ સામાજિક સંતુલન અને સામૂહિક વિકાસ માટે નવી ચિંતાઓ પણ ઊભી કરી છે. ભવિષ્યમાં જો નાણાં પ્રેષણનો વ્યૂહાત્મક ઉપયોગ શિક્ષણ, કુશળતા વિકાસ અને સામાજિક કલ્યાણ માટે થાય, તો માછી સમાજ વધુ ટકાઉ અને સમતુલિત વિકાસ તરફ આગળ વધી શકે.

આ અભ્યાસ દમણના માછી સમાજમાં સ્થળાંતરની પ્રક્રિયાને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયત્ન કરે છે અને સ્થળાંતરના સામાજિક–સાંસ્કૃતિક તથા આર્થિક પ્રભાવોને વિશ્લેષિત કરે છે. આ અભ્યાસ

ભવિષ્યના સંશોધકો માટે માર્ગદર્શક બની શકે છે તેમજ સમાજના ટકાઉ વિકાસ માટે ઉપયોગી સૂચનો પ્રદાન કરે છે.

## સંદર્ભસૂચિ - References


1. Desai, A. R. (2005). *Rural Sociology in India*. Mumbai: Popular Prakashan.
2. Bhagat, R. B. (2016). Migration, Gender and Right to the City. *Economic and Political Weekly*, 51(26–27), 32–38.
3. Zachariah, K. C., & Rajan, S. I. (2012). *Migration and Development: The Kerala Experience*. New Delhi: Daanish Books.
4. Gosal, G. S. (1961). Internal Migration in India. *Indian Geographical Journal*, 36(2), 106–121.
5. Government of India. (2011). *Census of India*. New Delhi: Office of the Registrar General and Census Commissioner.
6. દેસાઈ, એ. આર. (2008). *ભારતીય સમાજશાસ્ત્ર*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
5. Kothari, C. R. (2004). *Research Methodology: Methods and Techniques*. New Delhi: New Age International.